## શ્લોક : ૧

## સૂર્ય ગ્રહ (સન) નો મંત્ર અને માણિક્ય (માણેક) રત્ન (રૂબી)

જેમને સૂર્ય ગ્રહ બાધક થતો હોય તે શરણાગત વૈષ્ણવોએ આપણા માર્તણ્ડ સ્વરૂપ સૂર્ય પૂર્ણપુરૂષોત્તમના મુખાર્વિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી નું સ્મરણ કરવું.
તેઓશ્રીનું વૈષ્ણવ પોતાના હૃદયમાં ધ્યાન રાખી શ્રીમહાપ્રભુજી સમ્બન્ધી નામો અથવા સ્તોત્રોનો જપ કરે તો તે વૈષ્ણવને સૂર્ય બાધક બને નહીં

ગ્રહ : સૂર્ય , ગ્રહ નું નામ : શ્રી મહાપ્રભુજી , શાંતિ માટે જપની સંખ્યા : ૨૮૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : શ્રીખંડ, બાસુંદી, મલાઈ.
૨૮ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૭ દિવસ
સેવનીય સ્વરૂપ : શ્રી નાથજી , ગાદી : તિલકાયતજી , ગાંવ : નાથદ્વારા







ચિન્તા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ |
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીંચગતિમ્ ||૧||

શબ્દાર્થ : ચિન્તા=ચિંતા, કાપિ=કોઇપણ રીતની, ન કાર્યા=કરવી નહીં, નિવેદિતાત્મભિઃ=જેણે નિવેદન કર્યું છે તેવા આત્માએ, કદાપીતિ=કદી પણ, ભગવાન=ભગવાન, અપિ=પણ, પુષ્ટિસ્થઃ=પુષ્ટિસ્થ છે, ન=નહીં, કરિષ્યતિ=કરશે, લૌકિકીં=લોકોના જેવી, ચ=અને, ગતિમ્=ગતિ.

ભાવાર્થ : જેણે પ્રભુને પોતાના આત્માનું નિવેદન કરેલું છે તેવા જીવોએ ક્યારેય પણ, કોઇપણ પ્રકારની ચિંતા કરવી નહીં કારણ કે પ્રભુ અત્યંત કૃપાળુ છે અને તે પુષ્ટિમાર્ગમાં રહેલા જીવોની લૌકિકીગતિ નહીં કરે તેમજ અલૌકિક ચિંતાનું નિવારણ કરે છે.